| PUBLICATION NAME : | Sandesh (City Life) |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 02/05/2023 |
| PAGE : | 1 |

# EDII દ્વારા બાળકો અને યુવાનો માટે નેશનલ સમર કેમ્પ યોજાશે

## બાળકો માટે ૭ મેથી જ્યારે યુવાનો માટે ૧૪ મેથી કેમ્પ શરૂ થશે

સિટી લાઇફ । આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII) દ્વારા વર્ષ ૨૦૨૩ માટે યુવાનો અને બાળકો માટે નેશનલ સમર કેમ્પનું આયોજન કરવામાં આવશે. આ સમર કેમ્પ ૧૨થી ૧૬ વર્ષની વયજૂથના સગીરો અને ૧૬થી ૨૨ વર્ષની વયજૂથના યુવાનો માટે કરવામાં આવ્યું છે. જેનો મુખ્ય આશય નાની વયે જ બાળકો અને યુવાનોમાં વિજેતાના કૌશલ્યને પ્રોત્સાહન આપવાનો અને આંત્રપ્રિન્યોરિયલ માનસિકતા વિકસાવવા છે. સમર કેમ્પનું આયોજન ૭ થી ૧૨ મે અને ૨૭ મેથી ૧જૂન વચ્ચે કરાશે. આ સાથે યુવાનો માટે આંત્રપ્રિન્યોરશિપ સાહસ અંગે કેમ્પ ૧૪ થી ૨૩ મે અને ૩ થી ૧૨ જૂન વચ્ચે યોજાશે.

## EDIIએ સમર કેમ્પમાં ૨,૫૬૫ સ્ટુડન્ટ તૈયાર કર્યા

EDII દ્વારા ૩૯ શિબિરોમાં ટોટલ ૨૫૬૫ વિદ્યાર્થીઓ તૈયાર કરવામાં આવ્યા છે. આ કેમ્પમાં બાળકની વ્યક્તિગત લાક્ષણિકતાઓ વિકસાવવા અને તેમના માટે ભાવી દિશા નિશ્ચિત કરવા પર ભાર મૂકવામાં આવે છે. આ સાથે યુવાનોમાં રિસ્ક લેવા, ક્રિએટિવિટી વિકસાવવા, સ્ટ્રગલ મેનેજમેન્ટ, ઇફેક્ટિવ કમ્યુનિકેશન, ટીમવર્ક તેમજ વ્યક્તિની ભાવનાઓના સંચાલન મારફત પડકારોને પહોંચી વળવાની ક્ષમતા વિકસાવાય છે.